GJKH180012022026

**દાખલ તારીખ** ૦૫/૦૮/૨૦૨૬
**નોંધ્યા તારીખ** ૦૫/૦૮/૨૦૨૬
**ફેંસલ તારીખ** ૧૨/૦૮/૨૦૨૬

| **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૦૮ |

**ચોથા એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજનાઓની કોર્ટમાં, મુ. કપડવંજ**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં. : ૧૯૯/૨૦૨૬**
**આંક : ૦૭**

**અરજદાર :** **ચંદ્રસિંહ શંકરભાઈ રાઠોડ**
ઉ.વ.૩૨, ધંધો - મજૂરી,
રહે, ઠે. મુ. ફાગવેલ વસાહત ફળિયુ,
રોડ નજીક ફાગવેલ, તા. ફાગવેલ, જી. ખેડા.

// **વિરૂદ્ધ** //

**સામાવાળા :** **શ્રી સરકાર.**

**બાબત :** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી.**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી જે.એસ. શર્મા**
**સામાવાળા તરફે વિધ્વાન એડીશનલ પબ્લિક પ્રોસીકયુટરશ્રી એમ.આર.પટેલ**

---

## હુકમ

**૧.** હાલના અરજદાર/આરોપી કઠલાલ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૪૦૨૭૨૬૦૫૫૨/૨૦૨૬ થી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧ ના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

**૨.** અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એસ. શર્મા તથા શ્રી સરકાર તરફે વિધ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટરશ્રી એમ.આર.પટેલ નાઓને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજૂ કરેલ એફીડેવીટ વંચાણે લીધુ.

**૩.** આ કામના ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, હાલનાં અરજદાર/આરોપી તથા આરોપી નં.૨ નાઓ હાલનાં અરજદાર/આરોપીની દુકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બીયર/ટીન નંગ ૧૬૮ કુલ કિંમત રૂા.૩૯,૪૮૦/- નો મુદ્દામાલ રાખી, પોલીસને જોઇને અરજદાર/આરોપી નં.૧ સ્થળ ઉપરથી નાસી જતાં આ કામનાં આરોપીઓ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

**૪.** અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એસ. શર્મા નાઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલી છે કે, હાલનાં અરજદાર/આરોપી નિર્દોષ છે. તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. કહેવાતી બનાવવાળી દુકાન અરજદાર/આરોપીના માલિકીની કે કબજા ભોગવટાની નથી. બનાવ સમયે હાલનાં અરજદાર/આરોપી મળી આવેલ નથી અને તેઓને માત્ર શંકાના

આધારે અટક કરવામાં આવેલ છે. કહેવાતો મુદ્દામાલ અરજદાર/આરોપીનાં માલિકી કે કબજા ભોગવટામાંથી મળી આવેલ નથી. આ ગુનાનાં કામે અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવાનો રહેતો નથી. જેથી તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવાની કોઇ જરૂરીયાત રહેતી નથી. અરજદાર/આરોપી કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતાં નથી. હાલનાં અરજદાર/આરોપી તાલુકા ફાગવેલનાં કાયમી રહેવાસી છે. જેથી તેઓ ક્યાંય નાસીભાગી જાય તેવા ઇસમ નથી. અરજદાર/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો પરીવારના ભરણ પોષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ જામીન પર મુક્ત કરતી વખતે જે કોઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાતરી આપે છે. આમ, ઉપરોકત તમામ દલીલો ધ્યાને લેતાં અરજદારને જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

**૫.** શ્રી સરકાર તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી એમ.આર. પટેલનાઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપીનું નામ પ્રથમ થીજ એફ.આઇ.આર.માં છે જેથી તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. આ કામે વિદેશી દારૂના કુલ–૧૬૮ ટીન, કિંમત રૂા.૩૯,૪૮૦/– નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હાલનાં અરજદાર/આરોપી સ્થળ પરથી નાસી ગયેલ છે જેથી તેઓને જામીન મુકત કરવામાં આવે તો તપાસની કાર્યવાહી કે ઇન્સાફી કાર્યવાહીમાં હાજર રહેશે નહીં. આ કામે બનાવવાળી દુકાન આરોપીનાં ફોઈ નાઓના નામે છે અને તે દુકાનનો ઉપયોગ હાલનાં અરજદાર/આરોપી નં.૧ કરતાં હતાં તેવું નિવેદન આપેલ છે. જેથી પણ સદર મુદ્દામાલ આ કામનાં આરોપીએ દુકાનમાં રાખેલ હોય તેવું પ્રથમ દર્શનીય જણાઇ આવે છે. હાલનાં કામે તપાસ ચાલુ છે જેથી જો તેઓને જામીન મુક્ત કરવામાં આવે તો, તેઓ તપાસમાં સહકાર આપશે નહીં. ઉપરોકત તમામ દલીલો ધ્યાને લેતાં અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૬.** બન્ને પક્ષોની રજૂઆતો, જામીન અરજીની હકીકત, રજૂ થયેલ તમામ પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, નીચે મુજબની બાબતો મારાં ધ્યાનમાં આવે છે:

**૧)** સદર કામે ભારતીય બનાવટનો વિદેશી દારૂના કુલ–૧૬૮ ટીન કિંમત રૂા.૩૯,૪૮૦/– નો મુદ્દામાલ મળી આવેલ છે.
**૨)** હાલના કામના અરજદાર/આરોપી તા. ફાગવેલના કાયમી વતની છે જેથી તેઓ ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી.
**૩)** હાલનાં કામના અરજદાર/આરોપી કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતાં નથી.
**૪)** અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી અથવા તો ભવિષ્યમાં આવા પ્રકારનાં ગુનાઓ આચરશે તેવી આશંકાને, અરજદાર/આરોપીને કડક શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે તો તે દૂર કરી શકાય તેમ છે.

**૭.** ઉપરોક્ત ચર્ચા ધ્યાને લેતાં, હાલની અરજી હેઠળ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

## <u>આખરી હુકમ</u>

**૧.** અરજદાર/આરોપી **ચંદ્રસિંહ શંકરભાઈ રાઠોડ** નાઓની સદર ક્રિમીનલ પરચૂરણ અરજી નં.૧૯૯/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ આપ્યેથી ઉપરોક્ત ગુનામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

**૧)** અરજદાર/આરોપી એ વિદ્વાન ટ્રાયલ અદાલત સમક્ષ પોતાનું પાક્કું સરનામુ તેમજ જામીનદારનું પાક્કું સરનામુ તાજેરતરનું ઇલેક્ટ્રીકસીટી બીલ/વોટર બીલ/મ્યુનિસિપલટેક્ષ બીલ તપાસ કરનાર અધિકારીને અને વિદ્વાન ટ્રાયલ કોર્ટને પુરુ પાડવું.

**૨)** અરજદાર/આરોપી એ પોતાના તથા જામીનદારના મોબાઇલ નંબર વિદ્વાન ટ્રાયલ કોર્ટને અને તપાસ કરનાર અમલદારને પુરા પાડવા.

**૩)** અરજદાર/આરોપી એ પોતાના રહેઠાણનું સરનામુ વિદ્વાન ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવું નહીં.

**૪)** અરજદાર/આરોપી એ કોઇપણ ગુનામાં સંડોવાવું નહીં.

**૫)** અરજદાર/આરોપી એ તથા જામીનદારે પોતાના નજીકનાં પોલીસ સ્ટેશનની માહિતી પૂરી પાડવી.

**૬)** અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુક્ત થયા બાદ વિદ્વાન ટ્રાયલ અદાલતમાં અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેનું લેખિત સોગંદનામું વિદ્વાન ટ્રાયલ અદાલતમાં રજૂ કરવું.

**૭)** અરજદાર દ્વારા કોઇપણ શરતનો ભંગ કરવામાં આવશે તો, વિદ્વાન ટ્રાયલ કોર્ટ તેઓનાં જામીન રદ કરી શકશે.

૩. આ હુકમની લેખિત યાદી વિદ્ધાન ટ્રાયલ કોર્ટને મેસેન્જર/ઈ–મેઈલથી કરવી.

૪. આ હુકમની લેખિત યાદી સબંધિત જેલને ઈ–મેઈલથી કરવી.

હુકમ આજરોજ તા.૧૨મી ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૨/૦૮/૨૦૨૬**

**(શામનાથ ચંદ્રમોહન વેમુલા)**
**કોડ નં. જી.જે.૦૦૮૧૮**
**ચોથા એડીશ્નલ સેશન્સ જજ**
**ખેડા–એટ–કપડવંજ**

**સ્થળ : કપડવંજ**

**P V CHUDASAMA**.–**KH**010025
**Gujarati Stenographer GR**–2